નોવેલ કોરોના વાઈરસ (Covid-19)ના સંક્રમણને નિયંત્રણમાં લાવવા લેવાના થતાં નિવારાત્મક પગલાંઓ બાબત.

26 MAR 2020

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ
પરિપત્ર ક્રમાંક: પરચ-૧૦૨૦૨૦-૫૦૧-ટ
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૫/૦૩/૨૦૨૦.

વંચાણે લીધા : (૧) ભારત સરકારના કર્મચારીગણ, લોક ફરિયાદ અને પેન્શન મંત્રાલયની તા.૧૭/૦૩/૨૦૨૦ની કચેરી યાદી ક્રમાંક : F.NO.11013/9/2014-Estt.A.III
(૨) સામાન્ય વહીવટ વિભાગનો તા.૧૭/૦૩/૨૦૨૦નો સમાનાંકી પરિપત્ર.
(૩) ભારત સરકારના કર્મચારીગણ, લોક ફરિયાદ અને પેન્શન મંત્રાલયની તા.૧૯/૦૩/૨૦૨૦ની કચેરી યાદી ક્રમાંક : 11013/09/2014-Estt (A-III)
(૪) સામાન્ય વહીવટ વિભાગનો તા.૨૧/૦૩/૨૦૨૦નો સમાનાંકી પરિપત્ર.
(૫) સામાન્ય વહીવટ વિભાગનો તા.૨૪/૦૩/૨૦૨૦નો સમાનાંકી પરિપત્ર.
(૬) ભારત સરકારના ગૃહ મંત્રાલયનો તા. ૨૪/૦૩/૨૦૨૦નો હુકમ ક્રમાંક : ૪૦-૩/૨૦૨૦-ડી

**પરિપત્ર:**

તાજેતરમાં ફેલાયેલ નોવેલ કોરોના વાઈરસ (Covid-19) ને નિયંત્રણમાં લાવવા ભારત સરકારના કર્મચારીગણ મંત્રાલય અને આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા લેવાની થતી તકેદારી સંબંધમાં વખતોવખત સૂચનાઓ પરિપત્રિત કરી છે. ભારત સરકારના ગૃહ મંત્રાલયના તા. ૨૪/૦૩/૨૦૨૦ ના હુકમથી હવે રાજ્ય સરકારની કચેરીઓ, સ્વાયત્ત સંસ્થાઓ, નિગમો સહિતની આવશ્યક સેવાઓ સાથે સંકળાયેલ તમામ કચેરીઓ તા. ૨૫/૦૩/૨૦૨૦ ની અસરથી ૨૧ દિવસ માટે બંધ કરવાનો નિર્ણય કરેલ છે. રાજ્ય સરકાર દ્વારા ઉક્ત વંચાણે લીધેલ ક્રમાંક (૫) ના પરિપત્રથી આવશ્યક સેવાઓ સાથે સંકળાયેલ કચેરીઓ સિવાયની તમામ કચેરી બંધ રાખવા પરંતુ, કામની અગત્યતાના સંબધમાં સ્વવિવેકાનુસાર ન્યૂનતમ કર્મચારીઓ (skeleton staff) સાથે જે તે કચેરી ચાલુ રાખવાની સુચના આપવામાં આવી છે.

**૨. ઉપરની વિગતે નીચેના હુકમો નોવેલ કોરોના વાઈરસ (Covid-19)ના ચેપને નિયંત્રણ કરવા સાથે સીધા સંકળાયેલ કર્મચારીઓ / અધિકારીઓ તેમજ આવશ્યક / તાત્કાલિક સેવાઓ સાથે સંકળાયેલ વિભાગો / કચેરીઓ જેવી કે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ તેમજ તેઓને સંલગ્ન કચેરીઓ, અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ અને તેઓને સંલગ્ન કચેરીઓ, કલેક્ટર કચેરી, ડિઝાસ્ટર મેનેજમેન્ટ સાથે સંકળાયેલ કચેરીઓ, પંચાયત, નગરપાલિકાઓ, મહાનગરપાલિકાઓ (આવશ્યક / તાત્કાલિક પ્રકારની કામગીરી સાથે સંકળાયેલ કર્મચારી/ અધિકારીઓ), ગેસ, વીજ વિતરણ કરતી કંપનીઓ, પાણી પુરવઠા સાથે સંકળાયેલ સંલગ્ન કચેરીઓ, પોલીસ તંત્ર વગેરે જેવી કચેરીઓને લાગુ પડશે નહિ.**

રાજ્ય સરકાર નોવેલ કોરોના વાઈરસ (Covid-19)ના સંક્રમણને નિયંત્રણમાં રાખી શકાય તે હેતુથી જાહેર હિતમાં રાજ્ય સરકારની આવશ્યક સેવાઓ સાથે સંકળાયેલ સરકારી કચેરીઓ સિવાયની તમામ કચેરીઓ તા.૨૫/૦૩/૨૦૨૦ થી તા.૧૪/૦૪/૨૦૨૦ સુધી બંધ રહેશે પરંતુ અપવાદરૂપ સંજોગોમાં વિભાગના સચિવશ્રી અને જિલ્લા કલેક્ટરશ્રી સ્વવિવેકાનુસાર કોઇ કચેરી જરૂરીયાત મુજબ ન્યૂનતમ કર્મચારીઓ (skeleton staff) સાથે ચાલુ રાખી શકશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કમલ દયાની)
અગ્ર સચિવ (ક.ગ.)
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર

૨૫/૩/૨૦૨૦



(P.T.O.)

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી/રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સ્વર્ણિમ સંકુલ-૧/૨, ગાંધીનગર.
- માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- માન. મુખ્ય સચિવશ્રીના સંયુકત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે અધિક મુખ્ય સચિવશ્રી / અગ્ર સચિવશ્રી / સચિવશ્રી, સચિવાલયના સર્વે વિભાગ (તેઓ હસ્તકની તાબાની કચેરીઓના ધ્યાને મુકવા સારૂ.)
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા
- સર્વે ખાતાના વડા / કચેરીના વડા.
- માહિતી નિયામકશ્રી, માહિતી નિયામકશ્રીની કચેરી, ડૉ. જે.એમ. ભવન, ગાંધીનગર. (અખબારી યાદી પ્રસિદ્ધ કરવાની વિનંતી સહ રવાના)
- સર્વે કલેક્ટરશ્રી.
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી.
- સર્વે જિલ્લા પોલીસ અધીક્ષકશ્રી.
- નિવાસી નાયબ સચિવશ્રી, સા.વ.વિ., સચિવાલય, ગાંધીનગર.
- સર્વે વિભાગના નાયબ સચિવશ્રી (મહેકમ), સચિવાલય, ગાંધીનગર.
- સર્વે વિભાગના નાયબ સચિવશ્રી (સંકલન), સચિવાલય, ગાંધીનગર. (તાબાની કચેરીઓને ધ્યાને મુકવા સારુ)
- નાયબ પોલીસ અધીક્ષકશ્રી (સલામતી શાખા), સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી (બુથ), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેક્ટ ફાઈલ (ટ-શાખા)
- જનરલ સિલેક્ટ ફાઈલ.

**આણંદ કૃષિ યુનિવર્સિટી**

**આણંદ-૩૮૮ ૧૧૦**

**નકલ સવિનય રવાના જાણ તથા અમલ થવા સારૂ.**

(૧) માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, આ.કૃ.યુ. આણંદ તરફ જાણ સારૂ.

(૨) યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટ કચેરીઓ તરફ.
૨/.... જાણ તા.૨૪/૦૩/૨૦૨૦ના પરિપત્રની આવશ્યક સેવાઓ સંબંધિ સૂચનાઓનો અમલ ચાલુ રાખવા તેમજ પ્રસ્તુત પરિપત્રના અમલ સારૂ.

**નં. આકૃયુ/રજિ/સંકલન/ ૨૪૪૦ /૨૦૨૦**

**તા.૨૬/૦૩/૨૦૨૦**

**કુલસચિવ**

**નકલ રવાના:**

(૧) કુલસચિવશ્રીના અંગત મદદનીશ તરફ.

(૨) આ કચેરીની તમામ શાખાઓ તરફ.